પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૪ | ૧૬ માર્ચ, ૨૦૧૭, ગુરૂવાર ; ફાગણ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

મણીપુરમાં બિરેનસિંહની તાજપોશી

મણીપુરમાં ભાજપની પ્રથમ વખત સરકાર બની : રાજ્યપાલ નઝમા હેપતુલ્લાએ હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા : બિરેનસિંહની સાથે આઠ મંત્રીઓના પણ શપથ

ઈમ્ફાલ, તા.૧૫

દેશના વધુ એક પૂર્વીય રાજ્યમાં ભાજપની સરકાર બની ગઈ છે. આજે એન. બિરેનસિંહે મણીપુરમાં મુખ્યમંત્રી તરીકેનો હવાલો સંભાળી લીધો હતો. મુખ્યમંત્રી તરીકે તેમની તાજપોશી કરવામાં આવી હતી. મણીપુરમાં પાર્ટીના પ્રથમ મુખ્યમંત્રી તરીકે તેમને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. રાજ્યપાલ નઝમા હેપતુલ્લાએ તેમને શપથ લેવડાવ્યા હતા. સિંહની સાથે આઠ મંત્રીઓએ પણ શપથ લીધા હતા. એનપીપીના નેતા વાય જયકુમારસિંહને રાજ્યના નાયબ મુખ્યમંત્રી બનાવ્યા છે. મણીપુરના રાજ્યપાલ નઝમા હેપતુલ્લાએ ભાજપને રાજ્યમાં સરકાર બનાવવા માટે આમંત્રણ આપ્યું હતું. ૨૧ સીટ જીતનાર ભાજપે નેશનલ પીપલ્સ પાર્ટી, નાગા પીપલ્સ પાર્ટીના ૪-૪, એલજેપી, ટીએમસી અને કોંગ્રેસના ૧-૧ ધારાસભ્યોને સમર્થન હોવાનો પણ દાવો કર્યો છે. વિરેનસિંહે ગયા વર્ષે ઓકટોબર મહિનામાં કોંગ્રેસ સરકાર સાથે તથા કોંગ્રેસ પાર્ટી સાથે

● અનુસંધાન પાન-૭ પર

આઈસીસી ચેરમેનપદેથી શશાંક મનોહરનું રાજીનામું

રાજીનામું આપવા માટેના કોઈ કારણ આપ્યા નથી : મે ૨૦૧૬માં આઈસીસીના વડા તરીકેની જવાબદારી સંભાળી હતી

નવી દિલ્હી, તા. ૧૫

બીસીસીઆઈના પૂર્વ અધ્યક્ષ શશાંક મનોહરે તમામને આશ્ચર્યચકિત કરીને આજે અંગત કારણો આપીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદના ચેરમેન પદેથી રાજીનામું આપી દીધું હતું. શશાંક મનોહરે આઈસીસી ચેરમેન પદેથી રાજીનામું આપી દીધા બાદ આને લઈને ભારે ચર્ચા ચાલી રહી છે. શશાંક મનોહરે મે ૨૦૧૬માં આ જવાબદારી સંભાળી હતી. મનોહરે આઈસીસીના સીઈઓ દેવ રિચર્ડસનને ઈમેલ મારફતે રાજીનામું મોકલી દીધું છે. જેમાં એકાએક આ પગલું લેવા માટેના કારણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. ૫૯ વર્ષીય શશાંક મનોહરની અવધિ બે વર્ષની હતી. અલબત્ત ટોચના સૂત્રોના કહેવા મુજબ મનોહરે હોદ્દો છોડવાનો નિર્ણય કર્યો છે કારણ કે એવું લાગતું હતું કે બીસીસીઆઈએ બંધારણીય અને નાણાકીય સુધારાઓને રોકવા માટે પુરતા સમર્થનની સ્થિતિ હાંસલ કરી લીધી છે. જેને આઈસીસીની આગામી બેઠકમાં પસાર કરવાની જરૂર હતી. કોઈપણ સુધારાવાદી પગલાંને પસાર કરવા માટે બે તૃતિયાંશ બહુમતીની જરૂર પડે છે.

બીસીસીઆઈ બાંગ્લાદેશ, શ્રીલંકા, ઝિમ્બાબ્વેને પોતાની તરફેણમાં કરવામાં સફળ છે પરંતુ એવું જાણવા મળ્યું છે કે આજ કારણસર શશાંક મનોહરે એકાએક રાજીનામું આપવાનો નિર્ણય કર્યો છે. મનોહરે રાજીનામું આપતા પત્રમાં કહ્યું છે કે તેમને ગયા વર્ષે આઈસીસીના કોઈપણ વિવાદ વગર સર્વસંમતિથી ચેરમેન બનાવવામાં આવ્યા હતા. તેઓએ ચેરમેન તરીકે શ્રેષ્ઠ કામગીરી અદા કરવાના પ્રયાસો કર્યા હતા. સ્વતંત્ર અને નિષ્પક્ષ રહેવાના પ્રયાસો કર્યા હતા. મનોહરે કહ્યું છે કે અંગત કારણોસર હવે તેઓ આઈસીસીના ચેરમેન તરીકે રાજીનામું આપી રહ્યા છે.

મોંઘવારી ભથ્થામાં બે ટકાના વધારાને મંજુરી

એક કરોડથી વધુ કેન્દ્રિય કર્મીઓ અને પેન્શનરોને સીધો લાભ : પહેલી જાન્યુઆરી ૨૦૧૭થી ભથ્થાને અમલી બનાવવાનો નિર્ણય : મોદીના નેતૃત્વમાં મળેલી કેન્દ્રિય કેબિનેટની બેઠકમાં અન્ય કેટલાક મહત્વપૂર્ણ નિર્ણય

નવી દિલ્હી, તા. ૧૫

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે હોળી અને ધુળેટીના પર્વ બાદ કેન્દ્રિય કર્મચારીઓને મોટી રાહત આપી દીધી છે. તેમના મોંઘવારી ભથ્થામાં બે ટકાના વધારાને આજે લીલીઝંડી આપી દેવામાં આવી હતી. આજે સાંજે કેન્દ્રિય કેબિનેટની અતિ મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં આ નિર્ણયને મંજુરી અપાઈ હતી. આના પરિણામ સ્વરૂપે દેશમાં ૫૦ લાખ કેન્દ્રિય કર્મચારીઓ અને ૫૮ લાખ પેન્શનરોને સીધો ફાયદો થશે. તીવ્ર મોંઘવારી વચ્ચે કેન્દ્રિય કર્મચારીઓને સીધો ફાયદો થઈ જશે. તમામ કર્મચારીઓને પહેલી જાન્યુઆરીથી વધારવામાં આવેલા ભથ્થાના લાભ મળશે. આ ઉપરાંત કેન્દ્ર સરકારે આઈઆઈટી સુધારા બિલને પણ મંજુરી આપી દીધી છે. જેના પરિણામ સ્વરૂપે આઈઆઈટીમાં પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપને પ્રોત્સાહન મળશે. આંધ્રપ્રદેશને ખાસ સહાયતા આપવા માટેની જોગવાઈને પણ કેન્દ્રિય કેબિનેટે મંજુરી આપી દીધી છે. ઉત્તરપ્રદેશમાં નેશનલ હાઈવે-૨ પર વારાણસીથી હંડીયા સેકશનને છ લેનમાં કરવાના પ્રસ્તાવને પણ મંજુરી આપી દેવામાં આવી છે. ગયા સપ્તાહમાં જ ભાજપે ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં રેકોર્ડ જીત મેળવી હતી. કેન્દ્રિ કેબિનેટે આજે કેટલાક નિર્ણયોને મંજુરી આપી હતી. તેમની કમાણી પર મોંઘવારીની અસરને ઘટાડવાના હેતુસર કેન્દ્રિય કર્મચારીઓ અને પેન્શનરોને ભથ્થામાં બે ટકાના વધારાને મંજુરી અપાઈ છે. જોકે લેબર યુનિયનોએ આને લઈને નાખુશી વ્યક્ત કરી છે અને કહ્યું છે કે આ વધારો ભાવ વધારાની વાસ્તવિક અસરને પહોંચી વળવા માટે યોગ્ય નથી. કેન્દ્ર સરકાર દ્વારા ઘડી કાઢવામાં આવેલી ફોર્મ્યુલા

● અનુસંધાન પાન-૭ પર

ન્યુઝ ટ્રેક

ઈન્ડિયન આઈડલ ફેમ નાહિદ વિરૂદ્ધ ૪૬ ફતવા

ઈન્ડિયન આઈડલ ફેમ નાહિદ આફરીન વિરૂદ્ધ ફતવો જાહેર કરવામાં આવ્યો છે. લોકો સામે ગીત ગાતી રોકી શકાય તે માટે નાહિદ વિરૂદ્ધ અત્યાર સુધી ૪૬ ફતવા બહાર પડાયા છે. ૨૦૧૫માં ઈન્ડિયન આઈડલમાં તે ફર્સ્ટ રનરઅપ રહી હતી.

પદ્માવતીના સેટ પર આગ લગાવાઈ

શરૂઆતથી વિવાદોમાં ઘેરાયેલી ફિલ્મ પદ્માવતિ ફરી એકવાર નિશાના પર છે. મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં અજ્ઞાત લોકોએ ફિલ્મ પદ્માવતિના સેટ પર આગ લગાવી હતી.

કુપવાડામાં ત્રણ આતંકી ઠાર

કાશ્મીરના કુપવાડા જિલ્લામાં સુરક્ષાબળો અને આતંકીઓ વચ્ચે થયેલ મુઠભેડમાં ત્રણ આતંકીઓ માર્યા ગયા છે. જ્યારે ગોળીબારીમાં પોલીસનો એક જવાન ઈજાગ્રસ્ત થયો હતો.

બિહારના મહા ગઠબંધનમાં તીરાડ

બિહારના શાસક મહાગઠબંધનમાં તીરાડની ચર્ચાઓએ જોર પકડ્યુ છે. ઉત્તરપ્રદેશના ચૂંટણી પ્રચારમાં મુખ્યમંત્રી નીતિશકુમાર અને જેડીયુ પક્ષ કેમ ન જોડાયો તેવા અણીયાળા સવાલ રાષ્ટ્રીય જનતાદળના ઉપાધ્યક્ષ રઘુવંશ પ્રસાદે જાહેર ચર્ચામાં કરતા મામલો ગરમાયો છે. ઉલ્લેખનીય છે કે નોટબંધીના મામલે નીતિશકુમારે પ્રધાનમંત્રીના પગલાને બિરદાવ્યો હતો.

ઈવીએમ સાથે ચેડા થયા છે : અરવિંદ કેજરીવાલ

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પત્રકાર પરિષદ યોજીને તર્ક વગરના કેજરીવાલે મુદ્દા રજુ કર્યા : ઈવીએમથી એએપીના વોટ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા

નવી દિલ્હી, તા. ૧૫

ગોવા અને પંજાબ વિધાનસભાની ચૂંટણીમાં ભારે મહેનત કરી હોવા છતાં હાર થયા બાદ આ હારને પચાવવામાં નિષ્ફળ રહેલા એએપીના વડા અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે ફરી એકવાર ઈલેકટ્રોનિક વોટીંગ મશીનને લઈને પ્રશ્નો ઉઠાવ્યા હતા. અરવિંદ કેજરીવાલે આક્ષેપ કર્યો છે કે ચૂંટણી પરિણામોમાં ગેરરીતિ આચરવામાં આવી છે. આંકડાઓ સાથે રમત રમવામાં આવી છે. કેજરીવાલે ફરી એકવાર ઈવીએમ ઉપર પ્રશ્ન ઉઠાવતા કહ્યું છે કે પંજાબ વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના મત અકાલીદળ ગઠબંધન અને કોંગ્રેસને ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. કેજરીવાલે આક્ષેપ સાથે કહ્યું હતું કે આમ આદમી પાર્ટીને પંજાબથી દુર રાખવા માટે ઈવીએમ સાથે ચેડાં કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

આજથી રાંચીમાં ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રીજી ટેસ્ટ

બંને ટીમો ૧-૧ ટેસ્ટ મેચ જીતી હોવાથી ત્રીજી ટેસ્ટને લઈ ઉત્સાહ : બંને ટીમો જીતવાના મક્કમ ઈરાદાની સાથે મેદાનમાં ઉતરશે : સ્ટીવ સ્મીથ અને વિરાટ કોહલીની કસોટી : રાંચીની પીચ પણ સ્પીનરોને મદદ કરી શકે

રાંચી, તા. ૧૫

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચાર ટેસ્ટ મેચોની શ્રેણીની ત્રીજી ટેસ્ટ મેચ આવતીકાલથી રાંચીના જેએસસીએ મેદાન ખાતે શરૂ થઈ રહી છે. બન્ને ટીમો એક એક ટેસ્ટ મેચ જીતી ચુકી છે જેથી રાંચીમાં શરૂ થઈ રહેલી ટેસ્ટ મેચ રોમાંચક બની શકે છે. બન્ને ટીમો ઉંચા નૈતિક જુસ્સા સાથે મેદાનમાં ઉતરનાર છે. સ્ટીવ સ્મીથના નેતૃત્વમાં ઓસ્ટ્રેલિયન ટીમ પ્રભાવશાળી દેખાવ કરવા માટે સજ્જ બનેલી છે. ટીમમાં ડેવિડ વોર્નર, સોન માર્શ, પીટર હેન્ડ્સકોમ જેવા બેટ્સમેનો છે. વર્તમાન શ્રેણીમાં ધરખમ બેટ્સમેન ડેવિડ વોર્નર હજુ સુધી અપેક્ષા મુજબ દેખાવ કરી શક્યો નથી. પરંતુ આવતીકાલથી શરૂ થતી ટેસ્ટ મેચમાં તેની પાસેથી શાનદાર દેખાવની અપેક્ષા રાખવામાં આવી રહી છે. હજુ સુધીની બે ટેસ્ટ મેચોની શ્રેણીમાં કેટલાક બેટ્સમેનો ફ્લોપ રહ્યા છે. જો કે ત્રીજી ટેસ્ટ મેચમાં પણ તમામની નજર અશ્વિન અને રવિન્દ્ર જાડેજા પર કેન્દ્રિત થઈ ગઈ છે. વિરાટ કોહલી માટે આ શ્રેણી બેટીંગની દ્રષ્ટીએ હજુ સુધી સારી રહી નથી. બેંગલોરમાં તે ફાઈટ બેટમાં સફળ રહ્યો હતો પરંતુ બેટીંગમાં ફ્લોપ રહ્યો છે. તેની બેટીંગ આ શ્રેણીમાં ખૂબ જ નિરાશાજનક રહી છે. વિરાટ કોહલીએ આ શ્રેણીમાં

● અનુસંધાન પાન-૭ પર

ઈવીએમ સાથે કોઈપણ રીતે ચેડા શક્ય જ નથી

ચેડા માટે સેંકડો લોકોની જરૂર પડી શકે જે અશક્ય : મોટાપાયે ઈવીએમ સાથે ચેડાને ગુપ્ત રાખવાની બાબત કોઈ કિંમતે શક્ય બની શકે નહીં : નિષ્ણાતોનો અભિપ્રાય

નવી દિલ્હી, તા. ૧૫

વિધાનસભાની ચૂંટણીમાં હાર થયા બાદ બહુજન સમાજ પાર્ટીના નેતા માયાવતી અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ઈવીએમની સુરક્ષાને લઈને પ્રશ્નો ઉઠાવી રહ્યા છે ત્યારે ઈવીએમમાં ચેડા શક્ય છે કે કેમ તેને લઈને પણ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. સમય સમયે ઈવીએમની સુરક્ષા સામે પ્રશ્નો ઉઠતા રહ્યા છે. સુપ્રિમ કોર્ટે વર્ષ ૨૦૧૩માં ચૂંટણી પંચને તબક્કાવાર રીતે ઈવીએમમાં પેપર ટ્રાયલ શરૂ કરવાનો આદેશ કર્યો હતો. ભાજપ સહિતના પક્ષોએ ઈવીએમને લઈને પ્રશ્નો ઉઠાવ્યા છે. ઈવીએમમાં જો બ્લુટુથ કનેકશનવાળી નાની ચીજ મુકી દેવામાં આવે તો તેને મોબાઈલ મારફતે હેક કરીને વોટમાં હેરાફેરી કરી શકાય છે તેવો પ્રશ્ન થાય છે ત્યારે આ દાવાને ચૂંટણી પંચ સ્પષ્ટપણે ફગાવી દે છે. જો આ

● અનુસંધાન પાન-૭ પર

યુપી પરિણામોને સંદર્ભે માયાવતી કોર્ટમાં જશે

પરિણામોમાં તપાસની માંગ કરી

લખનૌ, તા. ૧૫

ઉત્તરપ્રદેશ સહિત પાંચ રાજ્યોની ચૂંટણીમાં ભાજપે શાનદાર દેખાવ કર્યા બાદ વિરોધ પક્ષોની ઉંઘ હરામ થઈ ગઈ છે. ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીનો સંપૂર્ણપણે સફાયો થયા બાદ બહુજન સમાજ પાર્ટીના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી માયાવતીએ પણ હોબાળો મચાવ્યો છે. માયાવતીએ કહ્યું છે કે ઈવીએમ સાથે ચેડાં થયા છે. માયાવતીએ જાહેરાત કરતા કહ્યું છે કે તેમની પાર્ટી ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીના પરિણામોમાં તપાસ કરવાની માંગ કરીને સુપ્રિમ કોર્ટમાં જશે. ઉત્તરપ્રદેશમાં ઈવીએમ સાથે ચેડા થયા હોવાનો આક્ષેપ સૌથી પહેલા માયાવતીએ કર્યો હતો ત્યારબાદ હવે કેજરીવાલ પણ પ્રશ્નો ઉઠાવી રહ્યા છે.

ભગવતીકુમાર શર્માને સાહિત્યરત્ન એવૉર્ડ

ગાંધીનગર, તા. ૧૫



ગુજરાત સાહિત્ય અકાદમીએ આજે તેનો સર્વોચ્ચ એવોર્ડ "સાહિત્ય રત્ન" સુરતના ભગવતીકુમાર શર્માને આપવાનું જાહેર કર્યું છે.

ભગવતીકુમાર શર્માનું કવિતા નવલકથાના અનન્ય પ્રદાનને ધ્યાનમાં લઈ તેમને આ લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડથી પોંખવાનું નક્કી કર્યું છે. આ ઉપરાંત પત્રકારિતા, હાસ્ય અને ભાષાને લગતા મુદ્દાઓમાં પણ તેમની નિસ્બત અદ્વિતીય રહી છે.

આ એવોર્ડ સુરત ખાતે એક વિશેષ સમારોહ યોજીને અર્પણ કરવામાં આવશે તેમ અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ એક યાદીમાં જણાવ્યું છે.

રાજ બબ્બરની કોંગ્રેસના કારમા પરાજયના પગલે રાજીનામાની ઓફર

નવી દિલ્હી, તા. ૧૫

ઉત્તરપ્રદેશ કોંગ્રેસના વડા રાજ બબ્બરે ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીના કારમી હાર થયા બાદ હવે રાજીનામાની ઓફર કરી છે. જોકે આ સંદર્ભમાં હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. રાજ બબ્બરે ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીને મળેલી હારની નૈતિક જવાબદારી પણ સ્વીકારી લીધી છે. સાથે સાથે માળખાકીય મોટાપાયે ફેરફારની માંગણી પણ રાજ બબ્બરે કરી છે. હાલમાં જ યોજાયેલી ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો સંપૂર્ણ સફાયો થયો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લહેર વચ્ચે સમાજવાદી પાર્ટી-કોંગ્રેસ ગઠબંધન તેમજ બહુજન સમાજ પાર્ટીના સુપડા સાફ થયા હતા. રાજ બબ્બરે હવે પાર્ટીને મજબુત કરવા માટે માળાખાકીય ફેરફાર કરવા માટેની રજુઆત કરી દીધી છે પરંતુ સાથે સાથે કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીનો જોરદાર બચાવ પણ કરી દીધો છે અને કહ્યું છે કે એક અથવા બે ચૂંટણીમાં હાર થયા બાદ લીડરશીપમાં ફેરફાર કરવાની કોઈ જરૂરીયાત દેખાતી નથી. તેમણે ઉમેર્યું હતું કે ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીને મળેલી હાર માટે તેઓ પોતે નૈતિક જવાબદારી સ્વીકારે છે. તેમને મોટી જવાબદારી સોંપવામાં આવી હતી પરંતુ આ જવાબદારીને યોગ્ય રીતે અદા કરી શક્યા ન હતા.

સતાધાર
શુદ્ધ અને સાત્વીક ભોજન
અનલિમિટેડ સાઉથ ઈન્ડીયન ડીસ ફક્ત ૧૨૦/- રૂપિયામાં...
મસાલા ઢોંસા | સ્ટ્રિંગ ઢોંસા | મૈસુર મસાલા ઢોંસા | પ્લેન ઢોંસા | ઉત્તપમ | મેંદુવડા | ઈડલી-સાંભર | ચટણી
નોંધ : ઉપરના મેનુની બધી જ આઈટમ દરરોજ બપોરે-સાંજે અનલિમિટેડ
@ ગાંધીનગર
બેંક ઓફ બરોડાની બાજુમાં, શાક માર્કેટની પાછળ, સેકટર-૨૧, ગાંધીનગર. મો. નં. : ૦૮૩૪૭૫ ૫૬૮૧૫
@ કલોલ
પ્રથમ માળ, રત્નસાગર વિલે, કલોલ-મહેસાણા હાઈવે, કલોલ. મો. નં. : ૦૮૩૪૭૦ ૦૬૫૩૦

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય